તેમજ રોગ જીવાતનો ઉપદ્રવ પણ ઓછો જોવા મળે છે. આથી મગના પાકમાં બે વખત હાથ નીંદામણ (વાવણી બાદ ૨૦ અને ૩૫ થી ૪૦ દિવસે) કરવાની ભલામણ છે.

## પાક સંરક્ષણ

### જીવાતોઃ

મગના પાકમાં ચુસીયા પ્રકારની જીવાતો જેવી કે મોલો તડતડિયા થ્રિપ્સ અને સફેદ માખી તેમજ શિંગો કોરી ખાનાર ઈયળોનો ઉપદ્રવ જોવા મળે છે. તેના વ્યવસ્થાપન માટે નીચે જણાવેલ પગલા ભરવા.

### ચુસીયા પ્રકારની જીવાતો

- મગના પાકમાં નુકસાન કરતી ચૂસિયા પ્રકારની જીવાતો જેવી કે મોલો, તડતડિયા, થ્રિપ્સ અને સફેદ માખીના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે બીજને વાવતા પહેલા થાયોમીથોકઝામ ૩૫ એફ.એસ. ૧૦ મિ.લિ. અથવા થાયોમીથોકઝામ ૭૦ ડબ્લ્યુ.એસ. ૩ ગ્રામ અથવા એસિટામિપ્રિડ ૨૦ એસ.પી. ૭ ગ્રામ અથવા ઈમીડાકલોપ્રિડ ૭૦ ડબ્લ્યુ.એસ. ૭.૫ ગ્રામ પ્રતિ કિ.ગ્રા. બીજ લેખે માવજત આપવી.
- લીમડા આધારિત દવા (૧૫૦૦પી.પી.એમ.) ૫૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં મિશ્રણ કરી છંટકાવ કરવો.
- વધુ ઉપદ્રવ જણાય તો થાયોમીથોકઝામ ૨૫ ડબ્લ્યુ.જી. ૪ ગ્રામ અથવા ડાયમીથોએટ ૩૦ ઈ.સી. ૧૦ મિ.લિ. અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસ.એલ. ૪ મિ.લિ. અથવા એસીફેટ ૭૫ એસ.પી.૧૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી પ્રથમ છંટકાવ વાવેતર પછી ૩૦ દિવસે અને બીજો છંટકાવ ૪૫ દિવસે કરવો.

### ટપકાવાળી ઈયળ

મધ્ય ગુજરાતમાં મગ ઉગાડતા ખેડૂતોને મગના પાકમાં નુકસાન કરતી ટપકાવાળી ઈયળના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે ૫૦ ટકા ફૂલ બેસવાની અવસ્થાએ ફ્લુબેન્ડીયામાઈડ ૪૮ એસ.સી. ૨ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવાની ભલામણ છે.

### ભુકી છારો

મગના ભુકી છારા રોગના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે હેકઝાકોનાઝોલ ૦.૦૦૫ ટકા ૧૦ મીલી ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. સેન્દ્રિય ખેતી માટે લીંબોળીના મીંજનં દ્રાવણ ૫ ટકા મિશ્ર કરી રોગની શરૂઆત થાય કે તરત છંટકાવ કરવો અને ત્યારબાદ ૧૫ દિવસના અંતરે બીજા બે છંટકાવ કરવા.

### પીળો પંચરંગીયો

આ રોગ અટકાવવા માટે રોગપ્રતિકારક જાતોનું વાવેતર કરવું. આ રોગ જણાય તો સફેદ માખીનું નિયંત્રણ કરી રોગને ફેલાતો અટકાવવો. વધુમાં ઉપદ્રવિત છોડનો ઉપાડીને નાશ કરવા.

## કાપણી:

કોઈપણ પાકમાં વિણી કે કાપણી ખુબ જ અગત્યનું અંગ છે. સમયસર કાપણી કરાવમાં ન આવે તો પક્ષીઓથી ખુબ જ નુકસાન થાય છે. મગના પાકમાં ૮૦ % જેટલા શીગો પાકી જાય ત્યારે બપોર પહેલા કાપણી કરવી. જેથી શિગો અને દાણા ખરી ન જાય. કાપણી કર્યા બાદ એકાદ અઠવાડીયુ સુર્યના તડકામાં સુકવ્યા બાદ બળદ/ટ્રેક્ટરથી મસળી પવથી ઉપણી સાફ કરી ગ્રેડીગ કરીને સંગ્રહ કરવો જોઈએ.

## ઉત્પાદન:-

અનૂકુળ પરિસ્થિતિમાં ચોમાસાની ઋતુમાં હેકટરે ૮૦૦-૧૦૦૦ કિ.ગ્રા. જયારે ઉનાળામાં ૧૨૦૦-૧૪૦૦ કિ.ગ્રા. ઉત્પાદન મળે છે.



# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
## મંગલભારતી

# મગની ખેતી પધ્ધતિ



## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
## મંગલભારતી

મુ.પો. ગોલાગામડી, તા. સંખેડા, જિ. છોટાઉદેપુર (ગુજરાત) -૩૯૧૧૨૫
મો:- ૮૧૪૧૧૫૦૫૦૦ ઈમેલ:- kvkvdr@gmail.com વેબસાઈટ :- http://vadodara.kvk8.in/
કિશાન સારથી હેલ્પલાઈન : ૧૮૦૦ ૧૩૨૨૧૭૫ / ૧૪૪૨૬

વિશ્વમાં મગના ઉત્પાદન અને વપરાશમાં ભારત મોખરાનું સ્થાન ધરાવે છે. ભારતમાં મગનું વાવેતર લગભગ 30 થી ૪૦ લાખ હેક્ટર વિસ્તારમાં થાય છે. જેમાંથી ૧૫ થી ૨૦ લાખ ટન ઉત્પાદન થાય છે. આમ દેશની સરેરાશ ઉત્પાદકતા ૫૦૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટર છે. દેશમાં કઠોળના કુલ ઉત્પાદનમાં મગનો ફાળો લગભગ ૯ ટકા જેટલો છે. ભારતમાં મગ ઉગાડતા મુખ્ય રાજયોમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, બિહાર, ઓરીસ્સા અને ગુજરાતનો સમાવેશ થાય છે.

જયારે ગુજરાતમાં મગ ઉગાડતા જિલ્લાઓમાં કચ્છ, બનાસકાંઠા અને પાટણ મુખ્ય છે.મગ એ તુવેર અને ચણા પછી ત્રીજો અગત્યનો કઠોળ વર્ગનો પાક છે. સામાન્ય રીતે મગનું વાવેતર ચોમાસા દરમિયાન કરવામાં આવે છે. પરંતુ પિયતની સગવડતા વધતા ઉનાળામાં પણ મગનો પાક લેવામાં આવે છે. છોટાઉદેપુર જિલ્લામાં પણ ઉનાળું મગનું વાવેતર થાય છે અને દર વર્ષે તેમાં વધારો થતો જોવા મળે છે.

**જમીનની તૈયારી:**

મગ એ ઉંડા મૂળ ધરાવતો અને કઠોળ વર્ગનો પાક હોઈ તેના મૂળમાં રહેલા રાઈઝોબીયમ નામના બેકટેરીયાને પૂરતા પ્રમાણમાં હવા મળી રહે તે માટે જમીનને ટ્રેકટર કલ્ટીવેટરથી ખેડી, સમાર મારી જમીન ભરભરી અને સમતલ કરવી જરૂરી છે.

**જાતની પસંદગી:-**

મગનું વધુ ઉત્પાદન મેળવવા નીચે દર્શાવેલ જાતો પૈકી કોઈપણ એક જાત પસંદ કરવી. સામાન્ય રીતે ઉનાળું મગમાં પીળા પંચરંગીયા નામનો રોગ જોવા મળે છે. અગાઉ બહાર પાડવામાં આવેલ જાતો (કે ૮૫૧ અને ગુજરાત મગ ૪) એ આ રોગ સામેની પ્રતિકારકતા ગુમાવેલ છે. આ સંજોગોમાં નીચે દર્શાવેલ જાતો પૈકી પીળા પંચરંગીયા રોગ સામે પ્રતિકારક જાતોનું વાવેતર કરવું હિતાવહ છે.

| સુધારેલી જાતો | બહાર પાડ્યાનું વર્ષ | ઉત્પાદન કિગ્રા/ હેક્ટર | પાકવાના દિવસો |
|---|---|---|---|
| મેહા | ૨૦૦૪ | ૯૦૦-૧૦૦૦ | ૬૫-૭૦ |
| જી.એ.એમ૫ (ગુજરાત આણંદ મગ ૫) | ૨૦૧૫ | ૧૮૧૧ | ૬૦-૬૫ |
| જી.એમ. ૬ (ગુજરાત મગ ૬) | ૨૦૧૭ | ૯૭૨ | ૬૫-૭૦ |
| જી.એમ. ૭ (ગુજરાત મગ ૭) | ૨૦૧૮ | ૯૯૫ | ૭૦-૭૫ |
| જી.એમ. ૮ (હરા મોતી) | ૨૦૨૧ | ૧૧૭૧ | ૬૦-૭૫ |

**બીજ માવજત:-**

જમીનજન્ય અને બીજ જન્ય રોગોથી કુમળા છોડનું રક્ષણ કરવા માટે બીજને વાવતા પહેલા થાયરમ, કેપ્ટાન કે કાર્બેન્ડાઝીમ પૈકી કોઈ એક ફૂગનાશક દવાનો પટ આપવો જોઈએ. બીજને ફૂગનાશક દવાનો પટ આપ્યા બાદ પ્રવાહી જૈવિક ખાતર રાઈઝોબીયમ સેલેનાઈટીરીયુસન્સ એએયુએમ ૧ અને ફોસ્ફેટ સોલ્યુબીલાઈઝીંગ બેકટેરિયા (પી.એસ.બી)ની ૫ મિ.લિ. / કિ.ગ્રા. પ્રમાણે માવજત આપવી.

**વાવેતર સમય, વાવણી અંતર અને બીજ દર:**

ચોમાસું મગનું વાવેતર જુલાઈના પ્રથમ પખવાડિયા દરમ્યાન ૪૫ સે.મી.ના અંતરે જયારે અર્ધશિયાળું મગનું વાવેતર સપ્ટેમ્બરના ત્રીજા અઠવાડિયામાં 30 સે.મી.ના અંતરે અને ઉનાળું મગનું વાવેતર માર્ચના પ્રથમ અઠવાડિયા દરમ્યાન ૪૫ સે.મી.ના અંતરે ઓરીને કરવાની ભલામણ છે. ચોમાસું તેમજ ઉનાળું વાવેતર માટે હેક્ટરે ૧૮-૨૦ કિ.ગ્રા. જયારે અર્ધ શિયાળું વાવેતર માટે હેક્ટરે ૨૫ કિ.ગ્રા. બિયારણની જરૂરિયાત રહે છે.

**રાસાયણિક ખાતર:**

મગના પાકમાં હેક્ટરે ૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન અને ૪૦ કિ.ગ્રા. ફોસ્ફરસ આપવાની ભલામણ છે. જો જમીનમાં સલ્ફરની ઉણપ હોય તો હેક્ટર દીઠ ૨૦ કિ.ગ્રા. સલ્ફર આપવાથી ઉત્પાદન અને ગુણવતામાં વધારો કરી શકાય છે.

**સંકલિત પોષણ વ્યવસ્થા**

મધ્ય ગુજરાતના ચોમાસાની ઋતુમાં મગની ખેતી કરતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને વળતર મેળવવા માટે પ્રતિ હેક્ટરે પાયામાં ૧૦ કિ.ગ્રા. નાઈટ્રોજન તથા ૨૦ કિ.ગ્રા. ફોસ્ફરસ ખાતર આપવું તથા દેશી ગાયના 3 ટકા મૂત્રનો ફૂલ બેસવાની અવસ્થા પહેલા છંટકાવ કરવો અથવા ૧૦ ટકા વર્મીવોશનો ફૂલ બેસવાની અવસ્થા પહેલા અને દાણા ભરાવાની અવસ્થાએ એમ બે છંટકાવ કરવાની અવસ્થાએ એમ બે છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવેછે.

મધ્ય ગુજરાતના સજીવ ખેતીથી ઉનાળું મગ ઉગાડતા ખેડૂતોને મગના પાકનું વધુ ઉત્પાદન અને વધુ આવક મેળવવા હેક્ટરે ૪ ટન છાણિયું ખાતર અથવા ૨ ટન છાણિયું ખાતર + ૦.૫ ટન વર્મીકમ્પોસ્ટ અથવા ૨ ટન છાણિયું ખાતર + ૦.૨૫ ટન દિવેલીનો ખોળ અથવા ૨ ટન છાણિયું ખાતર + ૧ લિટર બાયો એનપી(રાઈઝોબીયમ અને પીએસબી) અથવા ૦.૫ ટન વર્મીકમ્પોસ્ટ + ૧ લિટર બાયો એનપી આપવાની ભલામણ કરવામાં આવે છે.

મધ્ય ગુજરાતમાં ઉનાળું ઋતુંમા મગની ખેતી કરતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને વળતર મેળવવા માટે પ્રવાહી જૈવિકત ખાતર બાયો એન.પી. (રાઈઝોબીયમ + પીએસબી) ૫ મિ.લિ | કિ.ગ્રા.પ્રમાણે બીજ માવજત આપવી અને સાથે પાયામાં ૪૦ કિ.ગ્રા. ફોસ્ફરસની પૂર્તિ વધુ ફોસ્ફરસ ધરા વતા સેન્દ્રિય ખાતર(પ્રોમ) દ્વારા કરવાની ભલામણ કરવામાં આવે છે.

**પિયત વ્યવસ્થા**

મગ એ ટુંકા ગાળાનો પાક હોવાથી ચોમાસા દરમ્યાન પૂરતો અને સમયસર વરસાદ હોય તો પિયતની જરૂરિયાત રહેતી નથી. પરંતુ જો વરસાદ ખેચાય અને પાકમાં કટોકટીની અવસ્થાઓ જેવી કે ફૂલ અને શિંગો બેસવાની અવસ્થાએ જમીનમાં ભેજની ખેચ જોવા મળે તો પિયત આપવું.

અર્ધ શિયાળું મગનું વાવેતર ચોમાસાના વરસાદ પછી સંગ્રહાયેલ ભેજમાં કરવામાં આવતું હોઈ જમીનની પ્રત અને હવામાન પ્રમાણે ૧૫ થી ૨૦ દિવસના અંતરે 3 થી ૪ પિયત આપવા.

ઉનાળું મગમાં ઓરવાણ કર્યા બાદ વરાપે વાવેતર કરવું ત્યારબાદ પ્રથમ પિયત જમીનની પ્રત પ્રમાણે ખેચાવા દઈ ૨૫ થી 30 દિવસે ફૂલ બેસવાની શરૂઆત થયા પછી આપવું ફૂલ બેસવાની શરૂઆપ પહેલા વધુ પડતા ભેજ અને નાઈટ્રોજનની લભ્યતાથી વધુ વાનસ્પતિક વૃધ્ધિ થાય છે. જમીન હલકી હોય તો પ્રથમ પિયત ૨૦ દિવસે આપવું ત્યારબાદ ૧૫ થી ૨૦ દિવસના અંતરે 3 થી ૪ પિયત આપવા.

**નીંદણ વ્યવસ્થાપન**

મગનું વધુ ઉત્પાદન મેળવવા પાકને શરૂઆતની અવસ્થાએ નીંદણમુકત રાખવો જરૂરી છે. મગના પાકને નીદણમુકત રાખવાથી પાકને જરૂરી પોષક તત્વો, પાણી અને સૂર્યપ્રકાશ પૂરતા પ્રમાણમાં મળી રહે છે.